# શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

## બી.એડ. વાર્ષિક કામગીરી અહેવાલ

## વર્ષ: 2024 - 2025

સંકલનકર્તા

ડૉ. દિપિકા આર. ચૌધરી

આસી. પ્રોફેસર

શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ



## શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ

## બી.એડ.માં યોજાયેલ કાર્યક્રમો / પ્રવૃતિઓ વર્ષ: 2024-2025

### અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| 1 | સંસ્થા પરિચય | 4-5 |
| 2 | યોગ દિવસની ઉજવણી | 6-7 |
| 3 | પ્રવેશોત્સવ કાર્યક્રમ | 7-8 |
| 4 | ગુરુ પૂર્ણિમા પર્વની ઉજવણી | 9-10 |
| 5 | હર ઘર ત્રિરંગા પર્વની ઉજવણી | 11 |
| 6 | સ્વતંત્રતા દિવસની ઉજવણી | 12 |
| 7 | પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન આયોજિત સન્માન કાર્યક્રમ તથા વુમન સેલ અંતર્ગત વક્તવ્ય કાર્યક્રમ | 13-14 |
| 8 | પ્રબોધ તાલીમ વર્કશોપ | 15-16 |
| 9 | એચ.આઈ.વી. એડ્સ અવેરનેસ કાર્યક્રમ | 16-17 |
| 10 | શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમ | 18-19 |
| 11 | દિગ્વિજય દિવસ ઉજવણી અંતર્ગત 'યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજી વ્યાખ્યાન' કાર્યક્રમ | 20-21 |
| 12 | ગરબા મહોત્સવ | 22-23 |
| 13 | પ્રશિક્ષણાર્થીઓનું ઝીરો બેલેન્સ બેંક ખાતું શરૂ કરવા માટેનો કાર્યક્રમ | 24-25 |
| 14 | બી. એડ્. કૉલેજ, પેટલાદનું ગૌરવ | 25 |
| 15 | પક્ષી બચાઓ જાગૃતતા કાર્યક્રમ | 26-27 |
| 16 | પતંગોત્સવ કાર્યક્રમ | 27-28 |
| 17 | રમતોત્સવ કાર્યક્રમ | 29-31 |
| 18 | બી. એડ્. કૉલેજ, પેટલાદમાં 76 માં પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. | 32-33 |
| 19 | આંતરશાળા કાવ્ય લેખન અને કાવ્ય પઠન સ્પર્ધા | 34-36 |

| | | |
|---|---|---|
| 20 | બી એડ કોલેજ પેટલાદનું ગૌરવ | 36-37 |
| 21 | સંસ્કાર સિંચન મહાકુંભ અંતર્ગત  ગુજરાત સરકાર સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધા | 37-38 |
| 22 | વિશ્વ મહિલા દિવસની ઉજવણી | 39-40 |
| 23 | પર્યાવરણ, સ્વચ્છતા અને સંરક્ષણ અંગે સંવેદનશીલ વ્યાખ્યાન અને પ્રાયોગિક કાર્યનો કાર્યક્રમ | 41-42 |
| 24 | વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઉજવણી | 43-44 |
| 25 | વય નિવૃતિ સન્માન સમારોહ | 45-46 |

## સંસ્થા પરિચય

પ્રહ્લાદપુરી, પંપાપુરીના પ્રાચીન અને પવિત્ર નામથી પ્રસિદ્ધ એવા ગાયકવાડી રાજ્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનારી તેમજ ઉદ્યોગ ધંધાર્થીએ જુના વડોદરા રાજ્યનું માન્ચેસ્ટર અને વિદ્યાક્ષેત્રે ગુજરાતનું કાશી ગણાતી પેટલાદનગરીનું ઐતિહાસિક તેમજ સંસ્કાર ક્ષેત્રે ઘણું મહત્વનું સ્થાન રહ્યું છે. એવી આ પાવન તપોભૂમિમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ કોલેજ પેટલાદે વર્ષ 1970થી જ્ઞાનયજ્ઞ આદર્યો. જેમાં સંસ્થાના આદ્યસ્થાપક અને પ્રમુખ રાજ મિત્ર દાતાર સ્વ.રમણલાલ કેશવલાલ પરીખે તેના શ્રીગણેશ કર્યા અને તેમના સ્વર્ગાગમન બાદ સંસ્થાના પૂર્વપ્રમુખ સૌજન્યમૂર્તિ શેઠશ્રી સ્વ.અમૃતલાલ રમણલાલ પરીખે  તેની ધૂરા સંભાળી તે દરમિયાન વર્ષ 1996માં આ કોલેજને ચરોતરના ભામાશા એવા સ્વ. શ્રી ઇન્દુભાઇ પટેલનો સહયોગ સાંપડ્યો તેમના ધર્મપત્ની શારદાબેનના સંભારણામાં શ્રીમતિ શારદાબેન ઈન્દુભાઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન નામથી આ સંસ્થાનું નવું નામાધિકરણ થયું. આ સંસ્થા તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ શિક્ષણની આ પુનિત વિકાસયાત્રા, વિકાસ ગાથામાં IITE સંગાથે આ રચનાત્મક કાર્ય પ્રગતીના પંથે આગળ વધી રહી છે.







સ્વ.રમણલાલ પરીખ    સ્વ.અમૃતલાલ પરીખ    સ્વ.ઇન્દુભાઇ પટેલ

**શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન પરિવાર**

# સંસ્થા પરિવાર

ડૉ. નયનાબેન ટી. શુક્લ : કાર્યકારી આચાર્ય

**ડૉ. યોગેશભાઈ આર. પરમાર – એસોસીએટ પ્રોફેસર**

**ડૉ. કામેન્દુભાઈ આર. ઠાકર – આસીસ્ટન્ટ પ્રોફેસર**

**ડૉ. દિપિકાબેન આર. ચૌધરી – આસીસ્ટન્ટ પ્રોફેસર**

**ડૉ. શ્વેતાબેન એસ. ચૌહાણ – અધ્યાપક સહાયક**

**ડૉ. રોશની જે. દેશાઈ – અધ્યાપક સહાયક**

**શ્રી ચેતનભાઇ ડી. શાહ –સિનીયર ક્લાર્ક**

**શ્રીમતી નિધિબેન એસ. વૈદ્ય – જુનિયર ક્લાર્ક**

**શ્રી શૈલેષભાઈ પ્રજાપતિ - સેવક ભાઈ**

**શ્રી અક્ષય ઠાકોર - સેવક ભાઈ**

## યોગ દિવસની ઉજવણી




તારીખ 21/06/2024 શુક્રવારના રોજ દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજ્ય સરકાર તરફથી યોગ દિવસની ઉજવણી થઈ હતી. આ દરમ્યાન શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં સવારે 8.15 થી 9.30 કલાક દરમ્યાન યોગ અંગે જરૂરી જાણકારી આપવામાં આવી. જેમાં પ્રોજેક્ટર પર પ્રત્યક્ષ નિદર્શન પાઠ સાથે

સામૂહિક આસન, પ્રાણાયામ અને ધ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રશિક્ષણાર્થી ભાઈઓ તથા બહેનો તેમજ કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, ડો. યોગેશ પરમાર, ડો. કામેન્દ્ર ઠાકર, ડો. દિપિકા ચૌધરી, શ્રી ચેતન ડી. શાહ, શ્રી રાકેશ એ. ભટ્ટ અને શ્રીમતી નિધિ એસ. વૈદ્ય, બ્રિજેશ સોલંકી અને શૈલેશભાઇ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ધ્યાનાસન કર્યાબાદ અનોખી ઉર્જા પ્રાપ્તિ કરી સૌએ સ્વાસ્થ્ય સાચવાણી અર્થે દૈનિક જીવનમાં યોગને સ્થાન આપી તંદુરસ્થ ઘર અને સમાજ નિર્માણનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ કોઑર્ડીનેટરશ્રી ડો. કામેન્દ્ર ઠાકરએ કેસીજી દ્વારા આપવામાં આવેલ ભારત પોર્ટલની લીંક પર માહિતી અને ફોટોગ્રાફ્સ અપલોડ કરેલ હતા.

**પ્રવેશોત્સવ કાર્યક્રમ**





તારીખ 11/07/2024 ગુરુવારના રોજ સેમ -1 નાં નવઆગંતુક તાલીમાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદનો સમગ્ર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ઊપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમની શરુઆતમાં સ્ટાફમિત્રો દ્વારા તાલીમાર્થીઓને કંકુ તિલક કરી અને ગોળધાણા થકી મો મીઠું કરાવીને સંસ્થાના કા.આચાર્યશ્રી નયનાબેન શુક્લ સહયોગ થી દરેક તાલીમાર્થીઓ ને ચોકલેટ અને પેન અર્પણ કરી વર્ગમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સંસ્થાની પરંપરા મુજબ પ્રાર્થના કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ, કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ ડો. યોગેશ પરમાર, ડો. કામેન્દુ ઠાકર, ડો. દિપિકા ચૌધરી, ડૉ. શ્વેતા ચૌહાણ, ડૉ. રોશની દેસા ઈ અને ક્લાર્કશ્રીઓ શ્રી ચેતન ડી. શાહ, શ્રીમતી નિધિ એસ. વૈદ્ય તેમજ સેવકગણ શૈલેશભાઇ પ્રજાપતિ અને અક્ષય ઠાકોર જોડાયા હતા. સમગ્ર વાતાવરણમાં પ્રાર્થના થકી નવીન ઊર્જા વ્યાપી હતી. ત્યારબાદ કા. આચાર્યા શ્રી ડૉ. નયનાબેન શુક્લ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. દિપીકા ચૌધરી દ્વારા સમગ્ર સ્ટાફમિત્રો નો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ તાલીમાર્થીઓએ પોતાનો પરિચય રજૂઆત માં પોતાની ડિગ્રી, રસનો વિષય, વિષેશ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સિદ્ધિ જણાવી હતી. કાર્યક્રમના અંતે ડૉ. નયનાબેન ટી. શુક્લ એ સૌનો આભાર વ્યક્ત કરેલ હતો. સમગ્ર દિવસ ઉત્સાહ અને આનંદ સાથે પૂર્ણ થયેલ હતો.

## ગુરુ પૂર્ણિમા પર્વની ઉજવણી



શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમા તારીખ: 20/07/2024 શનિવારના રોજ ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અતિથિ વિશેષશ્રી સતિશભાઈ મોદી, કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ, ડૉ. યોગેશ પરમાર, ડો. કામેન્દ્ર ઠાકર, ડો દિપિકા ચૌધરી, ડૉ. શ્વેતા ચૌહાણ, ડો. રોશની દેસાઈ, શ્રી ચેતન ડી. શાહ, શ્રીમતી નિધિ એસ. વૈદ્ય, શૈલેશભાઇ પ્રજાપતિ અને અક્ષય ઠાકોર તેમજ સેમ-1ના પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આજના કાર્યક્રમની શરૂઆત સ્નેહલ વાળંદના શ્લોકગાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર ઉપસ્થિત જનોએ ભેગા મળી ગુરુ વંદના કરી હતી. અને લીના ચૌહાણે ગુરૂ ભજન રજૂ કરેલ હતુ. જેમાં ડો. કામેન્દ્ર ઠાકર દ્વારા વાધ્ય સહયોગ આપવામાં આવ્યો હતો. ગુરૂ ભજનથી વાતાવરણ ભાવમય બની ગયેલ હતું. ગુરુના સંદર્ભમા વિચાર પાથેય ડો. રોશની દેસાઈએ રજૂ કરેલ હતો. ત્યારબાદ સ્વાગત અને પરિચય કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લએ રજૂ કર્યો. પ્રશિક્ષણાર્થી રીમા અને દિપિકા દ્વારા સૌ પ્રથમ અતિથિ વિશેષશ્રીનું કંકુ તિલક કરી પુષ્પગુચ્છ આપી સત્કાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમાત ગુરુજનોને કંકુ તિલક કરી પુષ્પ ગુચ્છ આપી સત્કારવામાં આવ્યા હતા. આજના દિનની મહિમાને રજૂ કરવા સાહિસ્તા શેખે ગુરુપૂર્ણિમાનું મહત્વ જણાવ્યું હતું. ગુરુનું મહત્વ ટ્વિનકલ વાધવાણી તથા હિતેશભાઈએ રજૂ કર્યો. ત્યારબાદ ડૉ. દિપિકા ચૌધરીએ ગુરુમહિમા સંદર્ભે પંક્તિ રજૂ કરી હતી. આજના દિવસની ઉજવણી પ્રસંગે પ્રસંગોચિત વક્તવ્ય અતિથિ વિશેષશ્રી સતિશભાઈ મોદીએ આપ્યુ હતુ. આજના પવિત્ર દિવસે કાર્યક્રમામાં ભાગ લીધેલ પ્રશિક્ષણાર્થીઓને ડૉ. નયનાબેન ટી. શુક્લ તરફથી ભેટ સ્વરુપે પેન આપવામાં આવી હતી. તેમજ ડૉ. યોગેશ પરમાર દ્વારા આજે ઉપસ્થિત તમામ પ્રશિક્ષણાર્થીઓને પેન આપી ચોકલેટ દ્વારા મો મીંઠુ કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. કામેન્દ્ર ઠાકર દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના આયોજક ડો.રોશની દેસાઈએ ઉદ્ઘોષકની ભૂમિકા ભજવી સફળતાપૂર્વકનું સંચાલન કર્યું હતુ. આમ આ દિવસની ખુશાલી ભેર ઉજવણી કરવામાં આવી.

## હર ઘર ત્રિરંગા પર્વની ઉજવણી




શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ: 15/08/2014 મંગળવારના રોજ તાલુકા સેવાસદનના વહીવટી તંત્ર દ્વારા ત્રિરંગા યાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પેટલાદ પ્રાંત અવિકારી શ્રી પ્રજ્ઞેશ જાની, મામલતદાર શ્રી વિક્રમભાઈ રબારી, આણંદ લોકસભા સાંસદ શ્રી બકાભાઈ, પેટલાદ ધારાસભ્ય શ્રી કમલેશભાઈ પટેલ, આણંદ જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ તેમજ નગરપાલિકાના પ્રમુખશ્રી તેમજ કોર્પોરેટર શ્રીઓ તથા પેટલાદના અન્ય નામી અનામી આગેવાનો હાજર રહ્યા હતા. ત્રિરંગાયાત્રા પર્વની ઉજવણી પ્રસંગે પેટલાદ નગરપાલિકા ગ્રાઉન્ડમાં સર્વે એકત્રિત થઈ મહાનુભાવો દ્વારા રેલીને પ્રસ્થાન માટે લીલી ઝંડી આપવામાં આવી અને દેશ ભક્તિની ઉર્મિઓ, ઉમંગોની સંગાથે 100મીટર લાંબા તિરંગા સાથે વિવિધ સૂત્રો ચાર સાથે રેલીએ પેટલાદ શહેરની નગર ચર્યા કરી હતી. આ પ્રસંગે સંસ્થાના કાર્યકારી આચાર્યાશ્રી ડો. નયનાબેન ટી. શુક્લ, ડો. યોગેશ પરમાર, ડો. શ્વેતા ચૌહાણ, ડો. રોશની દેસાઈ, શ્રી ચેતન ડી. શાહ, શ્રીમતી નિધિ એસ. વૈધે હાજરી આપી હતી અને કાર્યક્રમને અંતે કા. આચાર્યા ડો. નયનાબેન શુક્લએ સર્વેને દેશભક્તિના યજ્ઞમાં જોડાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વતંત્રતા દિવસની ઉજવણી





શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કૉલેજ ઑફ એજયુકેશન પેટલાદમાં 15 મી ઓગષ્ટ 2024 ના રોજ 78' માં સ્વતંત્રતાદિવસની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ પેટલાદ કોમર્સ અને બી. એડ્ કોલેજ પ્રાંગરણ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ, ડૉ. યોગેશ પરમાર, શ્રી ચેતન ડી. શાહ, શ્રીમતી નિધિ એસ. વૈદ્ય, શૈલેષભાઈ પ્રજાપતિ, ઠાકોર અક્ષય તેમજ પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આજના દિવસે શ્રીમતિ આશાબેન દલાલ (જાગૃત મહિલા સંગઠન-આણંદ)ના વરદહસ્તે ધ્વજ લહેરાવામાં આવ્યો હતો. સમગ્ર ઉપસ્થિત જન સમુદાય દ્વારા ઝંડાને સલામી આપી ઝંડા ગીત ગાવામાં આવ્યું હતું. શ્રીમતિ આશાબેન દલાલ દ્વારા દેશભક્તિ ઉજાગર કરતુ પ્રભાવશાળી વકતવ્ય આપવામાં આવ્યું હતું. એન.સી.સી. ના જવાન બંધુઓ દ્વારા પરેડ માર્ચ કરવામાં આવી તેમજ સિધ્ધિ પામેલ એન. સી. સી. કેડેટને સિમ્બોલથી બિરદાવવામાં આવ્યા હતા. જે થકી ખૂબ જ આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. સાથે દેશ-પ્રેમ અને દેશભક્તિના નારા –'ભારત માતા કી જય', 'વંદે માતરમ' જેવા વિવિધ દેશભક્તિના નારાઓ ગૂંજી ઉઠ્યા હતા. સમગ્ર જન સમુદાય દેશભક્તિના નારા દ્વારા દેશભક્તિના રંગે રંગાઈ ગયા હતા. આમ સર્વે ઉત્સાહભેર ભાગ લઈ 78' માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કાર્ય પૂર્ણ કર્યું હતું.

## પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન આયોજિત સન્માન કાર્યક્રમ તથા વુમન સેલ અંતર્ગત વક્તવ્ય કાર્યક્રમ



શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ: 17/08/2024 શનિવારના રોજ એન.જી.ઓ. ના મહિલા સામાજિક કાર્યકર શ્રીમતી અલ્પાબેન પટેલ, પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન અધ્યક્ષશ્રી અંકિતભાઈ ભટવાણી તથા શ્રી અનુભાઈ ભાટિયા, પેટલાદ વિધાન સભાના મીડિયા સેલ ઈન્ચાર્જ શ્રી ભાવેશભાઈ દરજી તથા વિશાલભાઇની અધ્યક્ષતામાં સંસ્થાના કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ દ્વારા તાલીમાર્થીઓ અને સ્ટાફને વુમન ચાઈલ્ડસ અને માનવ અધિકારની સંપૂર્ણ માહિતી મળે તે હેતુથી વક્તવ્યનું આયોજન C.W.D.C. ના નેજા હેઠળ કરવામાં આવ્યું. જેમાં અધ્યક્ષ સ્થાન શ્રીમતી અલ્પાબેન પટેલે શોભાવેલ હતું. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થી નનિષા સોલંકી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતું. પરિચય અધ્યાપિકાશ્રી ડો. શ્રવેતા ચૌહાણે આપેલ હતો. ઉપસ્થિત મંચસ્થ મહાનુભવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ, ડૉ. યોગેશભાઈ પરમાર, ડૉ. દિપીકા આર. ચૌધરી, શ્રી ચેતન શાહ એ કરેલ હતું. પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન અધ્યક્ષશ્રી અંકિતભાઈ ભટવાણીએ પોલીસ અને સમાજને લગતી માહિતી આપી હતી. શ્રી અનુભાઈ ભાટિયા એ ટ્રાફિકના નિયમો જણાવી સૌને માહિતગાર બનાવ્યા હતા. એન.જી.ઓ. ના મહિલા સામાજિક કાર્યકર શ્રીમતી અલ્પાબેન પટેલે માનવ અધિકાર બાબતે ઊડાંણપૂર્વક માહિતી આપી હતી. ત્યારબાદ પોલીસ મિત્ર ઈન્વેસ્ટિગેશન ઓર્ગનાઈઝેશન તરફથી બી.એડ.નુ દ્વીતિય અને ચોથા સેમેસ્ટરમા 60% થી વધુ ગુણથી ઊત્તીર્ણ કરનારને સર્ટીફિકેટ આપી સન્માનવામાં આવ્યા હતા. અંતમાં આભારવિધિ અધ્યાપિકાશ્રી ડૉ. દિપીકા આર. ચૌધરીએ કરેલ હતી. કાર્યક્રમમાં ઉદ્દ્ઘોષકની ભૂમિકા અધ્યાપિકાશ્રી ડો. શ્રવેતા ચૌહાણે ભજવેલ હતી. સમગ્ર કાર્યક્રમો થકી તમામ ઉપસ્થિત જન માનવ અધિકાર વિશે જાગૃતતા કેળવી શક્યા હતા. અંતે સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. અંતે સૌ અલ્પાહાર કરી છૂટા પડ્યા હતા.

## પ્રબોધ તાલીમ વર્કશોપ










શ્રીમતી એસ.આઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ 23/08/24 અને 24/08/24 શુક્રવાર અને શનિવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લની રાહબર હેઠળ ઉચ્ચ શિક્ષણ કમીશનર કચેરી, ગાંધીનગર અને કે.

સી.જી. ના માધ્યમથી ઈનોવેશન ક્લબ અંતર્ગત બે દિવસીય પ્રબોધ તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધ્યાપકશ્રી ડૉ. કામેન્દુ આર. ઠાકરની આગેવાની હેઠળ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થના રજૂ કર્યા બાદ કોલેજના કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ દ્વારા ટ્રેનર શ્રી વિજયભાઈ ચોરેનુ શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રેનરશ્રીનો પરિચય ઈનોવેશન ક્લબના કૉ-ઓડીનેટર ડો. શ્વેતા ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ટેકનીકલ સમગ્ર વ્યવસ્થા ડો. રોશની દેશાઈએ સંભાળેલ હતી. ટ્રેનર શ્રી વિજયભાઈ ચૌરે એ ઈનોવેશનની વિશદ્ સમજ આપવાની સાથે પ્રાયોગિક નિદર્શન કર્યું હતું તેમજ ભવિષ્યમાં ઈનોવેટીવ કાર્યો થકી વ્યવસાય દ્વારા આર્થિક સધ્ધરતા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે ઉદાહરણ સહિત માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ ટ્રેનરશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો. અંતે કોઓડીનેટરશ્રીએ આભારની લાગણી વ્યક્ત કરેલ હતી. આ વર્કશોપનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ ઈનોવેશન કાર્ય અર્થે જાગૃત બની શક્યા હતા. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## એચ.આઈ.વી. એડ્સ અવેરનેસ કાર્યક્રમ



શ્રીમતી એસ.આઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ 04/09/2024 ગુરુવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ એચ.આઈ.વી. /એડ્સ જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટરના પ્રોજેક્ટ હેઠળ એચ.આઈ.વી./એડ્સ અંતર્ગત કાર્ય કરતી સંસ્થાના વિન્સીતાબેન પટેલ એચ.આઈ.વી. ઈન્ચાર્જ, જિજ્ઞાબેન બારીયા પ્રોજેકટ કોર્ડીનેટર રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટયુટ ઓફ સોસીયસલ વર્ક ના છ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. ડૉ. કામેન્દુ આર. ઠાકર દ્વારા મંચસ્થ મહાનુભવોનું શાબ્દિક સ્વાગત કરી પરિચય વિધિ પૂર્ણ કરાયેલ હતી. ત્યારબાદ જિજ્ઞાબેન બારીયા અને વિન્સીતાબેન પટેલના નેતૃત્વ હેઠળ આણંદ ઈન્સ્ટીટયુટ ઓફ સોસીયસલ વર્ક ના વિદ્યાર્થીઓએ અત્યંત પ્રભાવી અને અસરકારક રીતે એઇડ્સ જાગૃતતા સંદર્ભે એચ.આઈ.વી. ના મુખ્ય ચાર કારણો અને અપવાદ દર્શાવતું નાટક રજૂ કરી તેની ગંભીરતા સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. વિન્સીતાબેન પટેલ એચ.આઈ.વી. અને એઇડ્સનો તફાવત દર્શાવી તે વિષેની સંપૂર્ણ માહિતી આપી હતી સાથે તેઓ એચ.આઇ.વી./એઇડ્સ પીડિત ક્લાઇન્ટોને કઈ રીતે સપોર્ટ આપી સહાયતાનું કાર્ય કરે છે તે પણ જણાવેલ હતું. કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થીઓના પ્રશ્નોનોના ઉત્તર પણ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ વી એન્ડ કેર સપોર્ટ સેન્ટરના સભ્ય શ્રી હેમિલ્ટન ગોહિલે એચ.આઈ.વી. ની દવા લેવા અંગેની સાવચેતી વિશે, પીડિતોના બાળકોની બાળ સુરક્ષા યોજના હેઠળની શિષ્યવૃત્તિ સહાય જેવી મુખ્ય બાબત સંદર્ભે માહિતી આપી હતી. અંતે સમગ્ર સ્ટાફ પરિવાર અને પ્રશિક્ષણાર્થીઓવતી ડૉ. સ્વેતા ચૌહાણે આભારની લાગણી  વ્યક્ત કરેલ હતી. આ જાગૃતતા કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ એચ.આઇ.વી./એઇડ્સ પીડિત ક્લાઇન્ટોને કઈ રીતે સહાયક થઈ શકાય એ વિચારણા અર્થે સક્ષમ બન્યા હતા. આ કાર્યક્રમનુ આયોજન અને ગોઠવણ ડૉ. રોશની દેસાઈ એ કરેલ હતું. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ જાગૃતતાલક્ષી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થવાથી સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમ






શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ અને અન્ય અધ્યાપકશ્રીઓની ઉપસ્થિતિમાં શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થના કાર્યક્રમથી કરવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન વિવિધ વિષયોનું અધ્યાપનકાર્ય પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સેમેસ્ટર-૧ના પ્રતિક પી. પરમાર આચાર્ય , વાઢવાની ટ્વિંકલ ડી., સોનલ વી. તળપદા, હિરલ એચ. તળપદા, તેજલ એચ. તળપદા, પરેશ બી. દંતાણી, સુજાનબાનું એ. દિવાન, ચૌહાણ ઉર્મિલા એચ., અમિત જી. આખોલકર, ઠાકોર રીમા એ., આકાશ બી. ખ્રિસ્તી, અમિષા એમ. પરમારે અધ્યાપક તરીકે અને રાઠોડ પ્રિયંકા એમ. ગ્રંથપાલ, ગોહિલ જયેન્દ્ર એસ. અને તળપદા તરુણ એમ. એ સેવકભાઈ તરીકેની ભૂમિકા અદા કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કોલેજના સમગ્ર અધ્યાપકોનું શુભેચ્છા કાર્ડ થકી અભિવાદન કરવામાં આવ્યું હતું. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના વિચારો સાથે શિક્ષકનું મહત્વ ઠાકોર જ્યોતિકા એ જણાવ્યું હતું. મહીડા અંજલિએ શિક્ષક દિન અને શિક્ષક સબંધી સ્લોગન રજૂ કર્યા હતા. રોહિત અમીષા, ચૌહાણ લીના અને રીતેશ પરમારે ભજન રજૂ કરી વાતાવરણને ભાવ વિભોર બનાવેલ હતું. સ્નેહલ વાળંદ એ શ્લોક અને લોકગીત રજૂ કર્યું હતું. કેયુલ મકવાણા એ ગીત રજૂ કર્યું હતું. આમ આજના દિને સૌએ શિક્ષણ સાથે આનંદ માણ્યો હતો. ઉદ્દઘોષકની ભૂમિકા આકાશ ખ્રિસ્તીએ સફળતાપૂર્વક નિભાવેલ હતી. આ કાર્યક્રમમાં પોલીસ મિત્ર સંસ્થાના અધ્યક્ષ શ્રી અંકિતભાઈ ભટવાણી, શ્રી અનુભાઈ ભાટિયા તેમ જ માંધુરીબેન ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષક દિન માં ભાગ લેનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા સંસ્થાના કાર્યકારી આચાર્ય ડો. નયનાબેન શુક્લા, ડો.યોગેશભાઈ પરમાર, ડો.કામેદુ ઠાકર અને ડો.રોશનીબેન દેસાઈને પણ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા કાર્યક્રમના આયોજનમાં સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લ, ડૉ. કામેન્દુ ઠાકર અને ડો.રોશની દેસાઈએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ દિવસની ખુશાલી ભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમને અંતે કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા.

**દિગ્વિજય દિવસ ઉજવણી અંતર્ગત 'યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજી વ્યાખ્યાન' કાર્યક્રમ**









શ્રીમતી એસ.આઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ 10/09/2024 બુધવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેતૃત્વ હેઠળ દિગ્વિજય દિવસ ઉજવણી અંતર્ગત 'યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજી વ્યાખ્યાન' કાર્યક્રમનું

આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નંદકિશોર મહેતા, અતિથિ વિશેષ તરીકે ડૉ. પિનાકીનભાઈ યાજ્ઞિક તેમજ સ્વામી વિવેકાનંદ યુવક બોર્ડ પેટલાદ નગર સંયોજક શ્રી વિશાલ પટેલ ઉપસ્થિત રહેલ હતા. અધ્યાપકશ્રી ડૉ. કામેન્દુ આર. ઠાકરની આગેવાની હેઠળ પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા પ્રાર્થના રજૂ કર્યા બાદ મંચસ્થ મહાનુભાવોએ દિપ પ્રાગટય કરેલ હતું. જેના થકી ચોતરફનું વાતાવરણ મંગલમય અને પવિત્ર બન્યું હતું. ઉપસ્થિત મહેમાનશ્રીઓનુ શાબ્દિક સ્વાગત ડૉ. નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. નયનાબેન શુક્લ, ડૉ. યોગેશભાઈ પરમાર, ડૉ. શ્વેતા ચૌહાણ તેમજ નિધિબેન વૈદ્ય દ્વારા મંચસ્થ મહાનુભાવોને પુષ્પગુચ્છ આપી આવકારવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાનની ભૂમિકા અદા કરવા સાથે વક્તાશ્રી તરીકે ઉપસ્થિત શ્રી નંદકિશોર મહેતા સાહેબે આજના કાર્યક્રમમાં "યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજી" વિષય સંદર્ભે ખૂબ જ ઊંડાણપૂર્વકની વિશદ્દ માહિતી આપવામાં આવી હતી. જેના થકી આજના નવયુવાનોમાં સમાજ હિતાર્થ માટે, સફળતાલક્ષી કઈંક નવું કરવાની તમન્ના વ્યાપી હતી. આજના કાર્યક્રમ થકી લાભાન્વિત શ્રોતાગણના મનને ઢંઢોળીને નવ વિચારબીજની પ્રશિક્ષણાર્થીઓના માનસપટ પર વાવણી કરી હતી. પ્રશિક્ષણાર્થીઓને કઈ બાબત સારી રીતે સમજ આવી અને કઈ બાબતમાં તેઓ વિચારવંત બન્યા તેની ચકાસણી હેતુથી પ્રશ્નોત્તરીનું આયોજન પણ વક્તાશ્રી એ કરેલ હતું. કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ પણ વક્તાશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો. સંસ્થા એ પોતાનો ઋણાનુંભાવ ચરિતાર્થ કરવાના શુભાશયે શ્રી નંદકિશોર મહેતા સાહેબનું 'ભગવદ્ ગીતા 'નુ પુસ્તક આપી સન્માન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં ડૉ. દિપીકા આર. ચૌધરીએ સંસ્થા પરિવારવતી આભારની લાગણી વ્યક્ત કરેલ હતી. આ કાર્યક્રમનો લાભ પ્રાપ્ત કરી તમામ પ્રશિક્ષણાર્થીઓ યુવા કાર્યો અર્થે જાગૃત બની શક્યા હતા. કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા તથા ઉદઘોષકની ભૂમિકા ડૉ. રોશનીબેન દેસાઈએ સફળતાપૂર્વક બજાવેલ હતી. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## ગરબા મહોત્સવ






શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ: 09/10/24 બુધવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુકલના નેજા હેઠળ ગરબા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમેસ્ટર 1અને 3 ના પ્રશિક્ષણાર્થીઓ ઉત્સાહભેર ગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતીથી કરવામાં આવેલ હતી.જે દરમિયાન સૌ ભાવવિભોર બની સ્તુતિમાં જોડાયા હતા. મંગલમય વાતાવરણમાં સૌનો અનેરો ઉત્સાહ ઝળહળી રહ્યો હતો. આરતી બાદ ગરબા કાર્યક્રમના નિર્ણાયક બહેનશ્રી .વર્ષાબેન એમ. શાહનું શાબ્દિક સ્વાગત કરવામાં

આવેલ હતું. ત્યારબાદ રમઝટ સાથે ગરબાની શરૂઆત કરી સૌ તાલીમાર્થી અને સ્ટાફ પરિવાર આનંદમય વાતાવરણમાં માતાના ગરબે ઝૂમયા હતા.



આ કાર્યક્રમમાં બહેનોમાં બેસ્ટ એકસનના વિજેતા રાઠોડ પ્રિયંકાબેન મનુભાઈ(સેમ.1) તથા ભાઈઓમાં બેસ્ટ એકસનના વિજેતા પટેલ પાર્થ(સેમ.3)બનેલ હતા. ગરબામાં વેલડ્રેસમાં ભાઈઓમાં દંતાણી પરેશ(સેમ.-1) અને બહેનોમાં પરમાર હીનાબેન રાજુભાઈ(સેમ-3) વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયકની ભૂમિકા વષાબેને ભજવેલ હતી. કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન ડૉ. કામેન્દુ આર. ઠાકરે કરેલ હતું. સહયોગી તરીકેની ભૂમિકા ડૉ. રોશની દેશાઈ અને નિધિ બેને ભજવેલ હતી.ગરબામા સૌને ફરતી લ્હાણી આચાર્ય ડૉ. નયનાબેન દ્વારા સૌને આપવામાં આવી હતી.ગરબામાં ઝૂમ્યા બાદ સૌએ માતાજીને યાદ કરી આભારની લાગણી વ્યક્ત કરેલ હતી. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રશિક્ષણાર્થીઓનું ઝીરો બેલેન્સ બેંક ખાતું શરૂ કરવા માટેનો કાર્યક્રમ





બી. એડ્. કૉલેજ, પેટલાદમાં તારીખ: 04/01/2025 શનિવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લની રાહબર હેઠળ પ્રશિક્ષણાર્થીઓનું કેનેરા બેંક, પેટલાદ દ્વારા ઝીરો બેલેન્સ બેંક ખાતું શરૂ કરવા માટેનો કાર્યક્રમ કરવામાં આવ્યો. કા. આચાર્યાશ્રી દ્વારા બેંક પ્રતિનીધિ શ્રી શ્રધ્ધાબેન શુક્લનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને પરિચય અધ્યાપિકાશ્રી ડો. શ્વેતા ચૌહાણે આપેલ હતો. કેનેરા બેંક પ્રતિનીધિ શ્રી શ્રધ્ધાબેન શુક્લ એ ઉપસ્થિત રહી કેનેરા બેંક વિષેની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ ખાતું ખોલવા માટેની તેમજ ઉચ્ચ અભ્યાસ અર્થે મળતી લોનની સમગ્ર વિગત જણાવી હતી. ઇચ્છુક

પ્રશિક્ષણાર્થીઓએ ખાતું ખોલવાના ફોર્મમાં પોતાની વિગત ભરી કેનેરા બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. કાર્યક્રમમાં ઉદ્દઘોષકની ભૂમિકા અધ્યાપિકાશ્રી ડો. શ્વેતા ચૌહાણે ભજવેલ હતી. અંતે સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા.

## બી. એડ્. કૉલેજ, પેટલાદનું ગૌરવ




શ્રી મહાવીર વિદ્યા મંદિર ટ્રસ્ટ સુરત અને વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન ગુજરાત પ્રાંત દ્વારા તા. 4/1/25 અને 5/1/25 ના રોજ અમે દિવસીય ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું સુરત ખાતે NEP 2020 વિષય પર આયોજન થયેલ હતું. જેમાં 340 થી વધુ સહ ભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં બેસ્ટ રિસર્ચ પેપરના ત્રણ નંબર આપવાના હતા. જેમાં શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા બી એડ કોલેજ પેટલાદના અધ્યાપક ડો કામેન્દુ ઠાકરે પ્રથમ અને ડો રોશની દેસાઈએ ત્રીજો નંબર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ પ્રસંગે સંસ્થાના કા. આચાર્યા ડો. નયનાબેન શુક્લએ પ્રાર્થના સભામા તાલીમાર્થીઓને પ્રેરણા મળી રહે તે હેતુસર ત્રણ તાળીનું માન આપી બંને અધ્યાપકોને અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

## પક્ષી બચાઓ જાગૃતતા કાર્યક્રમ




બી. એડ્. કૉલેજ, પેટલાદમાં તારીખ: 11/01/2025 શનિવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ પક્ષીઓનું જતન અને સંરક્ષણ સંદર્ભે પક્ષી બચાઓ જાગૃતતા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં દૈનિક પ્રાર્થના રજૂ કરવામાં આવી ત્યારબાદ નેચરલ હેલ્થ ઑફ ફાઉન્ડેશન, વી. વી. નગરથી ઉપસ્થિત વકતાશ્રી ચિરાગકુમાર એ. વાલ્મિક અને સ્વયંસેવક મિત્ર વંદનભાઈ ને કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ અને સર્વે વતી આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ વક્તાશ્રી

ચિરાગકુમાર  વાલ્મિકે અસરકારક વકતવ્ય રજૂ કર્યું હતું. જેમાં તેમણે પક્ષીઓને બચાવવા માટે કયા કયા પગલાં લઇ શકાય તે અંગે વિવિધ દ્રષ્ટાન્ત રજૂ કર્યા હતા સાથે  ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કાયદા અને નિયમો અંગેની પણ માહિતી આપી હતી તેમજ નજીકના સમયમાં આવનાર તહેવાર ઉત્તરાયણ સમયે દરેકે કયા નિયમો પાળવા તેની વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે  પ્રશિક્ષણાર્થીઓના પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું હતું અને વિવિધ ફાઉન્ડેશનના હેલ્પ લાઈન નંબર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત જનસમૂહ દ્વારા પક્ષી બચાવવા માટેના નિયમોનું પાલન કરવાનો સંકલ્પ સાથે પ્રતિજ્ઞા લેવામાં આવેલ હતી. અંતમાં પ્રશિક્ષણાર્થીઓએ ઉત્તરાયણમાં કઈ-કઈ સાવચેતી લેશે તેના ઉદાહરણ રજૂ કર્યા હતા. અધ્યાપિકા ડૉ. શ્વેતા ચૌહાણે આભાર વ્યક્ત કરેલ હતો. કાર્યક્રમમાં ઉદ્દ્ઘોષકની ભૂમિકા અધ્યાપિકા ડૉ. દીપિકા ચૌધરીએ  ભજવેલ હતી. અંતે સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

## પતંગોત્સવ કાર્યક્રમ











બી. એડ્. કૉલેજ, પેટલાદમાં તારીખ: 13/01/2025 સોમવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ પતંગોત્સવ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડૉ. નયનાબેન શુક્લ, ડો. યોગેશ પરમાર, ડો. કામેન્દુ ઠાકર, ડો. સ્વેતા ચૌહાણ, શ્રીમતી નિધિ વૈધ્ય, પ્રજાપતિ શૈલેશભાઈ અને ઠાકોર અક્ષય તેમજ સેમેસ્ટર 2 અને 4 ના પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. રંગબેરંગી પતંગો અને ફીરકી સાથે રમતનું મેદાન જીવંત બની ઉઠ્યું હતું. સૌ પ્રશિક્ષણાર્થી પોતાના પતંગને ચગાવવામાં મશગૂલ બની ગયા હતા. અને આકાશમાં રંગબેરંગી પતંગો ઊડી રહી હતી. 'કાયપો છે', 'લપેટ' ની બૂમો પાડીને સૌ આનંદે ઝૂમી રહ્યા હતા. આ ઉત્સવને વધુ મીઠાશ ભર્યો બનાવવા કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ એ વિવિધ પ્રકારની ચીકી અને ચવાણાની લ્હાણી સૌ ઉપસ્થિત જનસમૂહને કરાવી હતી. આજની સોનેરી સવાર રંગબેરંગી પતંગો સાથે આનંદમય રહી હતી. આમ આનંદ સભર રીતે બી. એડ્. કૉલેજ, પેટલાદમાં પતંગોત્સવ કાર્યક્રમની ઉજવણી થઈ હતી. અંતે સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

## રમતોત્સવ કાર્યક્રમ












બી. એડ્. કૉલેજ, પેટલાદમાં તારીખ: 18/01/2025 શનિવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ રમતોતત્સવ કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ડૉ. નયનાબેન શુક્લ, ડો. યોગેશ પરમાર, ડો. કામેન્દુ ઠાકર, ડો. દિપીકા ચૌધરી, ડો. સ્વેતા ચૌહાણ, ડો. રોશની દેશાઈ, શ્રીમતી નિધિ વૈધ્ય, પ્રજાપતિ શૈલેશભાઈ અને ઠાકોર અક્ષય તેમજ સેમેસ્ટર 2 અને 4 ના પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સોનેરી સવારમાં પટેલ પાર્થ દ્વારા વિવિધ આસનો કરાવવામાં આવ્યા હતા. ડો. યોગેશ પરમારે હળવી કસરતો કરાવી હતી. ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓની શરૂઆત થાઈ હતી. રમતો રમાતા રમતનું મેદાન જાણે જીવંત બની ઉઠ્યું હતું. સૌ આનંદ અને ઉત્સાહ સાથે જીતવાની

કોશિષ કરી રહ્યા હતા. વિવિધ રમતોમાં તમામ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધેલ હતો અને આનંદ અનુભવ્યો હતો. ભાઈઓની 200 મીટર દોડમાં પ્રથમ ક્રમે રાઠોડ ચેતન, દ્વિતીય ક્રમે પરમાર જયેન્દ્રસિંહ, તૃતીય ક્રમે પટેલ પાર્થ હતા. બરછી ફેંકમાં પ્રથમ ક્રમે તળપદા રીતેશ, દ્વિતીય ક્રમે મકવાણા ભગીરથ, તૃતીય ક્રમે રાઠોડ ચેતન હતા. ચક્ર ફેંકમાં પ્રથમ ક્રમે ઠાકોર કિશન, દ્વિતીય ક્રમે સોલંકી સુનીલ, તૃતીય ક્રમે મકવાણા કરણ હતા. ગોળા ફેંકમાં પ્રથમ ક્રમે તળપદા રીતેશ, દ્વિતીય ક્રમે સોઢાપરમાર આકાશ, તૃતીય ક્રમે રાઠોડ ચેતન હતા. ત્રિપગી દોળમાં પ્રથમ ક્રમે અમિત અને જયેન્દ્ર દ્વિતીય ક્રમે પ્રતીક અને ચેતન તૃતીય ક્રમે ભગીરથ અને વિશાલ ડાભી હતા. દોરડા કૂદમાં પ્રથમ ક્રમે પટેલ પાર્થ, દ્વિતીય ક્રમે ઠાકોર પ્રકાશ, તૃતીય ક્રમે પટેલ જય હતા. બહેનોની 100 મીટર દોડમાં પ્રથમ ક્રમે ઠાકોર કિંજલ, દ્વિતીય ક્રમે પરમાર દિવ્યા, તૃતીય ક્રમે ચૌહાણ ઊર્મિલા હતા. બરછી ફેંકમાં પ્રથમ ક્રમે પરમાર દિવ્યા, દ્વિતીય ક્રમે ઠાકોર પ્રજ્ઞા, તૃતીય ક્રમે પરમાર હસુમતી હતા. ચક્ર ફેંકમાં પ્રથમ ક્રમે ક્રિશ્ચન સ્મિતલ, દ્વિતીય ક્રમે તળપદા હિરલ, તૃતીય ક્રમે ગોસ્વામી વિધી હતા. ગોળા ફેંકમાં પ્રથમ ક્રમે પરમાર હિના, દ્વિતીય ક્રમે ક્રિશ્ચન સ્મિતલ, તૃતીય ક્રમે ઠાકોર કિંજલ હતા. ત્રિપગી દોળમાં પ્રથમ ક્રમે ફસ્ટ રોહીત અમિષા અને બારીયા હેતલ દ્વિતીય ક્રમે હેપ્પી વાઘેલા અને દિક્ષિતા તૃતીય ક્રમે ગોસ્વામી વૈશાલી અને પ્રજાપતિ સૃષ્ટિ હતા. દોરડા કૂદમાં પ્રથમ ક્રમે ગોસાઇ વિધી, દ્વિતીય ક્રમે તળપદા સોનલ, તૃતીય પરમાર હીના હતા. આમ સમગ્ર દિવસ દરમ્યાન થયેલ વિવિધ સ્પર્ધાઓના કારણે મેદાન પર તાલીઓનો ગણગણાટ ગુંજી ઉઠ્યો હતો. તમામ અધ્યાપકોને સોપવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓને દરેકે આયોજન પૂર્વક પ્રમાણિકપણે રમાડી હતી અને વિજેતા નંબર જાહેર કર્યા હતા. આ ઉત્સવને વધુ આનંદસભર બનાવવા કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ અંતમાં નાસ્તો કરાવ્યો હતો અને સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

**બી. એડ્. કૉલેજ, પેટલાદમાં 76 માં પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.**










26 મી જાન્યુઆરી 2025 ના રોજ 76 માં પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ કોલેજ ગ્રાઉન્ડ, પેટલાદ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ, ડૉ. યોગેશ પરમાર, શ્રી ચેતન ડી. શાહ, શ્રીમતી નિધિ એસ. વૈદ્ય અને પ્રજાપતિ શૈલેશભાઈ પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સોનેરી સવારનું વાતાવરણ એન.સી.સી. ના જવાન બંધુઓ દ્વારા થયેલ પરેડ માર્ચ થકી ભવ્ય બન્યું હતું. એન. સી.સી. ના જવાન બંધુઓ દ્વારા ભવ્યાતિભવ્ય સન્માન સાથે ડો. રાકેશ જશરાય (શ્રી આર. કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ)ને ધ્વજ વંદન માટે સ્ટેજ પર લાવવામાં આવ્યા હતા. ચોમેર આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. આજના દિવસે ડો. રાકેશ જશરાયના વરદ્હસ્તે ઝંડો ફરકાવવામાં આવ્યો હતો. અને સમગ્ર ઉપસ્થિત જન સમુદાય દ્વારા ઝંડાને સલામી આપી ઝંડા ગીત ગાવામાં આવ્યું હતું. આ સાથે પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત જનસમુદાય આ કાર્યક્રમ થકી દેશ-પ્રેમ અને દેશભક્તિને વાગોળી રહી હતી. પેટલાદ કોલેજ ગ્રાઉન્ડ પર ભારત માતા કી જય, વંદે માતરમ જેવા વિવિધ દેશભક્તિના નારાઓ ગૂંજી ઉઠ્યા હતા. સમગ્ર જન સમુદાય દેશભક્તિના નારા દ્વારા દેશભક્તિના રંગે રંગાઈ ગયા હતા. આમ સર્વે ઉત્સાહભેર ભાગ લઈ પ્રજાસત્તાકદિનની ઉજવણી કાર્ય પૂર્ણ કર્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયે શ્રી આર. કે. પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદમાં  અલ્પાહાર કરી કાર્યક્રમનું સમાપન થયેલ હતું.

## આંતરશાળા કાવ્ય લેખન અને કાવ્ય પઠન સ્પર્ધા
















શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખઃ 04/02/2025 મંગળવારના રોજ કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લની પ્રેરણાથી પૂર્વ વડાપ્રધાન માનનીય શ્રધ્ધેય અટલબિહારી વાજપેઇજીના વિચારો આધારિત પેટલાદ શહેરની શાળાઓની આંતર- કાવ્ય પઠન અને કાવ્ય લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં  કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને શ્રી કમલેશભાઇ પટેલ, મુખ્ય મહેમાન તરીકે શ્રી પ્રકાશભાઇ ટી. પરમાર અને શ્રી નરેન્દ્રભાઇ  પી. શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પેટલાદ શહેરની શાળાઓમાંથી સ્પર્ધકો તેમજ તેમની સાથે માર્ગદર્શક શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વાળંદ સ્નેહલ અને સીમા દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો. કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને પરિચય કો-કોઓર્ડીનેટરશ્રી- ડૉ. રોશનીબેન જે. દેસાઇ એ આપેલ હતો. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત ડૉ. નયનાબેન ટી. શુક્લ, ડૉ. યોગેશભાઈ પરમાર, ડૉ. દિપીકા ચૌધરી અને ડૉ. શ્વેતાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસંગોચિત વક્તવ્ય શ્રીનરેન્દ્રભાઇ શ્રીમાળી (મુખ્ય મહેમાનશ્રી), શ્રીપ્રકાશભાઇ પરમાર (મુખ્ય મહેમાનશ્રી) દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધ્યક્ષશ્રી કમલેશભાઇ પટેલ દ્વારા પ્રસંગો ચિત્ત અધ્યક્ષીય પ્રવચન રજૂ કરવામાં આવ્યું હતું. સંસ્થા સાથે ઋણાનુભાંધ સ્થાપિત કરવાના શુભ આશયે ઉપસ્થિત મહેમાનોને સંસ્થાવતી ડૉ. નયનાબેન ટી. શુક્લ, ડૉ. કામેન્દુ આર. ઠાકર, ડૉ. રોશનીબેન જે. દેસાઇ  મહાનુભાવોને સ્મૃતિભેટ અર્પણ કરી હતી. કાર્યક્રમના  અંતે સ્પર્ધા સંયોજક ડો. કામેન્દુ ઠાકર એ આભારદર્શન કરેલ હતું. ત્યારબાદ ઉપસ્થિત સમગ્ર જનસમૂહ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું આયોજન બે ચરણમાં કરેલ હતું. અલ્પાહાર બાદ દ્વિતીય ચરણની શરૂઆત થઈ હતી. જેમાં સ્પર્ધા નિર્ણાયક તરીકે શ્રી સતીષભાઇ મોદી અને  શ્રી જીગ્નેશભાઇ ટી. ક્રિસ્ટી ઉપસ્થિત રહ્યા હતા.  તેઓશ્રી ને પણ આપણી સાંસ્કૃતિક પરંપરા મુજબ શ્રીમતી નિધિબેન વૈદ્ય, ડૉ. રોશની દેસાઇ અને પાર્થ પટેલે, નિશા એ પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ  અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સ્પર્ધકોએ કાવ્ય પઠન અને કાવ્ય લેખન અંગેની પોતાની કૃતિઓની

રજૂઆત કરેલ હતી. કૃતિઓની રજૂઆત બાદ નિર્ણાયકશ્રીઓએ પ્રાસંગિક સંક્ષિપ્ત ઉદ્દબોધન કર્યું હતું. કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ધી વેસ્ટન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ પેટલાદ વિદ્યાર્થી પંડ્યા વ્રજ નિલેશભાઈ, દ્વિતીય ક્રમે ધી વેસ્ટન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ પેટલાદ ના વિદ્યાર્થી મોહમ્મદ સીમના રિઝવાન અને તૃતીય ક્રમે ન્યુ એજ્યુકેશન ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની સૈયદ ફરહીન મુદ્દસ્સરઅલી વિજેતા બન્યા હતા. કાવ્ય લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ધી વેસ્ટન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ પેટલાદ ની વિદ્યાર્થીની પંડ્યા પ્રીશા મનનકુમાર, દ્વિતીય ક્રમે ધી વેસ્ટન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ પેટલાદ ની વિદ્યાર્થીની શ્રુતિ જે મહેતા અને તૃતીય ક્રમે સેન્ટ મેરી હાઇસ્કુલ પેટલાદ ની વિદ્યાર્થીની પરમાર આયુષી હરીશભાઈ વિજેતા બન્યા હતા. જેઓને વિજેતા પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. સાથે તમામ સહભાગીઓને સહભાગી પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. આભારદર્શન ડૉ. રોશની જે. દેસાઇ એ કરેલ હતું. ઉદ્દઘોષકની ભૂમિકા નનીશા અને ડૉ. દીપિકા ચૌધરીએ સફળતાપૂર્વક નિભાવેલ હતી. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગાન ગાઈને સૌ છૂટા પડ્યા હતા. અંતમાં કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લ એ સૌને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર સ્પર્ધા નું આયોજન ડો. કામેન્દુ ઠાકર અને ડો. રોશની દેસાઈ એ કરેલ હતું.

## બી એડ કોલેજ પેટલાદનું ગૌરવ



સરદાર પટેલ યુનિવર્સિટીના એમ.પી.પટેલ ઓડિટોરિયમમાં 'આધુનિક વિશ્વમાં જૈન ધર્મની ફિલસૂફી: સુસંગતતા, પડકારો અને તકો' વિષય પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો. જૈનાચાર્ય વિજય નેમિસૂરીશ્વરજી સ્વાધ્યાય પીઠ દ્વારા આયોજિત આ સેમિનારમાં દેશભરમાંથી 197 સંશોધકો, શિક્ષણ ચિંતકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સેમિનારમાં પદ્મશ્રી એવોર્ડ વિજેતા અને જાણીતા વિચારક ડૉ. કુમારપાળ દેસાઈ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જૈન ફિલસૂફી અને સાહિત્યના નિષ્ણાત સેજલ શાહે તજજ્ઞ વક્તા તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમમાં સાત અલગ-અલગ તકનીકી સત્રોમાં સંશોધકોએ વિવિધ વિષયો પર શોધપત્રો રજૂ કર્યા. આ સેમિનારનો મુખ્ય હેતુ જૈન ફિલસૂફીના આધારે શિક્ષણ અને આધુનિક વૈશ્વિક પડકારોનું ચિંતન કરવાનો હતો. પેટલાદ બીએડ કોલેજ ના ત્રણ પ્રાધ્યાપકો ના પેપર પસંદ થયાં હતા જેમાં ડો. કામેન્દુ આર ઠાકર, ડો દીપિકા ચૌધરી તેમજ ડો. રોશની દેસાઈ એ પોતાના પેપર રજુ કર્યા હતા. યુએસએથી ડૉ.જશવંત મોદી અને મીરા મોદીએ આ કાર્યક્રમ માટે અનુદાન આપ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડૉ.) નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ સેમિનાર ડિરેક્ટર ડૉ.અલકા મેકવાન અને કન્વીનર પ્રો. (ડૉ.) કામિની શાહની ટીમે સફળ આયોજન કર્યું હતું. અને આ ત્રોય પ્રાધ્યાપકો ને સંસ્થા ના કા. આચર્યા ડો નયનાબેન ટી શુક્લ એ અભિનંદન પાઠવ્યા હતા.

**સંસ્કાર સિંચન મહાકુંભ અંતર્ગત ગુજરાત સરકાર સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધા**






શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ: 28/02/2025 શુક્રવારના રોજ કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લની પ્રેરણાથી સંસ્કાર સિંચન મહાકુંભ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના તમામ પ્રોફેસરો અને પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ સ્પર્ધકોએ ખૂબ જ ઉત્સાહ સાથે સ્પર્ધાના  વિવિધ વિષયો જેવાકે ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ, સવિંધાન, વિકસિત ભારત, યુવાનો દેશ નું ભવિષ્ય, તેમજ માન,મર્યાદા અને સુશીલતા ભારતીય સંસ્કૃતિના પાસાઓ  જેવા વિષયો પર ખૂબ જ તાલસ્પર્શી રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં નિર્ણાયકોની ભૂમિકા ડો. દીપિકા આર. ચૌધરી અને ડો. રોશની દેસાઈએ ભજવેલ હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વધવાણી ટ્વિંકલ ડી.,(સેમ.2)દ્વિતીય ક્રમે પરમાર રાધા એમ.(સેમ.4) અને તૃતીય ક્રમે પટેલ પાર્થ આર.(સેમ2)તથા સુમરા ઉઝમા આઈ.(સેમ.2)વિજેતા બન્યા હતા. સમગ્ર સ્પર્ધાના કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન સ્પર્ધાના કોઓર્ડીનેટરશ્રી ડો. કામેન્દુ આર. ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ અંતમાં તમામ સ્પર્ધકો અને ઉપસ્થિત સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

# વિશ્વ મહિલા દિવસની ઉજવણી










પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં તારીખ: 08/03/2025 શનિવારના રોજ કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લની પ્રેરણાથી અને આયોજનથી વુમન સેલ વિભાગને વણી લઇ આજ રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શુભ શરૂઆત સંસ્થાના પ્રાધ્યાપક ડો. કામેન્દુ ઠાકરના માર્ગદર્શન હેઠળ કુમારી નનીશા પરમાર દ્વારા પ્રાર્થના રજૂ કરી કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડો. નયનાબેન શુકલએ મહેમાનશ્રીનો પરિચય આપતાં તેઓશ્રીનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે સંસ્થા પરિવાર વતી પ્રાધ્યાપિકા ડૉ. દિપિકા ચૌધરીએ પુસ્તક અને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત તમામ બહેનો અને ભાઈઓનું સ્વાગત ટ્વીન્કલ અને અંજલીએ કર્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત પ્રાધ્યાપિકા ડૉ. રોશની દેસાઈના માર્ગદર્શન  અને સંપાદકીય કામગીરી હેઠળ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તૈયાર થયેલ હસ્તલિખિત અંક – 'નારી શક્તિ 'નું કાર્યક્રમના વક્તાશ્રી આનંદીબેન ગાભાવાલાએ વિમોચન કર્યું હતું. 'સ્રી સશક્તિકરણ – યોગ વિષય અંતર્ગત વ્યાખ્યાન આપતાં શ્રી આનંદીબેન ગાભાવાલાએ જણાવ્યું હતું સ્ત્રી – પુરૂષ કદાપિ એક કે સ્વતંત્ર ન હોતાં એક બીજાના પૂરક છે. સાથે – સાથે જીવન વ્યાવહારિક અનુભવો વહેંચતાં યાંત્રિક યુગમાં પોતાની જાત સાથે સમાધાન સાધી જીવનમાં સશક્ત બનાવવા માટે માર્મિક સૂચનો કર્યા હતા. જીવનને નિરોગી રાખવા માટે દૈનિક જીવનમાં યોગ સ્થાન આપવાની વાત કરી હતી. કાર્યકારી આચાર્યાશ્રી નયનાબેન ટી. શુક્લ દ્વારા સંસ્થાના શુભ ભાવને ચરિતાર્થ કરતા અને ઋણાનુબંધ સ્થાપિત કરતા શ્રી આંનદીબેન ગાભાવાલાને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. ડૉ. સ્વેતા ચૌહાણે સંસ્થા પરિવાર વતી આભારની લાગણી વ્યક્ત કરેલ હતી. કાર્યક્રમમાં ઉદ્દઘોષકની ભૂમિકા પ્રશિક્ષણાર્થીની સોનલ અને દીપિકાએ ભજવેલ હતી. કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લએ અંતમાં ઉપસ્થિત સર્વેને અભિનંદન પાઠવ્યા હતા અને શેરડીના રસનું રસપાન કરાવી રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

**પર્યાવરણ, સ્વચ્છતા અને સંરક્ષણ અંગે સંવેદનશીલ વ્યાખ્યાન અને પ્રાયોગિક કાર્યનો કાર્યક્રમ**



બી. એડ્. કૉલેજ, પેટલાદમાં તારીખ: 25/03/2025 મંગળવારના રોજ કાર્યકારી આચાર્યાશ્રી ડૉ. નયનાબેન શુક્લના નેજા હેઠળ  પંચ પ્રકલ્પ કો ઓડીનેટર  ડૉ કામેન્દુ આર ઠાકર ના આયોજન હેઠળ અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ -શ્રેષ્ઠ ભારતના પંચ પ્રકલ્પની યોજના અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા અને સંરક્ષણ અંગે સંવેદનશીલ વ્યાખ્યાન અને

પ્રાયોગિક કાર્યનો કાર્યક્રમ કરવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓ બહેનો પ્રિયંકા રાઠોડ અને રીમા ઠાકોર દ્વારા પ્રાર્થનાથી થઇ. ત્યારબાદ ઉપસ્થિત વકતાશ્રી પ્રો. ડૉ. રાજીવ ભટ્ટી અને અન્ય મહેમાનો NEG હાઈસ્કૂલ ના આચાર્યશ્રી અપેક્ષાબેન તેમજ કુ. સોનલ સોલંકી, કુ. મિત્તલબેન પટેલ, કુ. હિરલ પ્રજાપતિ ને કા. આચાર્યાશ્રી ડૉ. નયનાબેન ટી. શુક્લ અને સર્વે વતી આવકારવામાં આવ્યા હતા. સંસ્થા પરિવારવતી ડૉ. નયનાબેન શુક્લ, ડૉ. દિપિકા ચૌધરી, ડૉ. રોશની દેસાઈ, કુ.નિધિ વૈદ્ય, ટ્વીન્કલ અને અર્શીયા એ પુષ્પગુચ્છ આપી મંચસ્થ મહાનુભવોનું સ્વાગત કર્યું હતું. પ્રાધ્યાપિકા ડૉ. રોશની દેસાઈ દ્વારા સર્વેનો પરિચય આપવામાં આવેલ હતો. વક્તાશ્રી પ્રો. ડૉ. રાજીવ ભટ્ટી એ પર્યાવરણ સંરક્ષણ અંગે અસરકારક વકતવ્ય રજૂ કર્યું હતું. જેમાં તેમણે પર્યાવરણને બચાવવા માટે કયા કયા પગલાં લઇ શકાય તે અંગે વિવિધ દ્રષ્ટાન્ત રજૂ કર્યા હતા. સાથે કઈ રીતે વેસ્ટ માંથી બેસ્ટ બનાવી તેનો ઉપયોગ કરી શકાય તેની માહિતી આપતા પર્યાવરણના જતન અને સંરક્ષણની માહિતી આપી હતી, તેમજ નજીકના સમયમાં આવનાર તહેવાર પ્લાસ્ટિકનો ઉપયોગ કઈ રીતે ઘટાડવો તે માટેના વિવિધ પગલાં સૂચવ્યા હતા સાથે વિદ્યાર્થિનીઓને પર્યાવરણના જતન સંદર્ભે કેટલાંક વિડીયો દર્શાવી સમજ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થિનીઓના પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત જનસમૂહ દ્વારા પર્યાવરણ બચાવવા માટેના સૂચનોનું પાલન કરવાનો સંકલ્પ કરવામાં આવેલ. કાર્યક્રમના કોઓર્ડિનેટર ડૉ. કામેન્દ્ર ઠાકરે કાર્યક્રમનું સફળતાપૂર્વકનું સંચાલન કરી અંતે સૌનો આભાર વ્યક્ત કરેલ હતો. ત્યાર બાદ સૌ વિદ્યાર્થી બહેનો ને અલ્પાહાર આપવામાં આવ્યો હતો અલ્પાહાર ની વહેંચણી ની વ્યવસ્થા માસુજાનબાનું, કેયુલ, કરણ અને પરેશ ભાઈ એ સાંભળી હતી. કાર્યક્રમમાં ઉદ્દઘોષકની ભૂમિકા ડૉ. કામેન્દ્ર ઠાકરે ભજવેલ હતી. સંસ્થાના કા. આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

## વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઉજવણી







શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ અને અન્ય અધ્યાપકશ્રીઓની ઉપસ્થિતિમાં 54માં


વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રિયંકા અને રીમા એ રજૂ કરેલ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ નનીશા સોલંકી દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત અધ્યક્ષશ્રી ડૉ. પુરષોત્તમભાઈ ડી. શાહ કોલેજના જી. એસ. પટેલ પાર્થ તથા એલ. આર. પટેલ પ્રિયાને કાર્યકારી આચાર્યશ્રી નયનાબેન ટી. શુક્લ અને સર્વે વતી આવકારવામાં આવ્યા. ઉપસ્થિત મહાનુભવોનો પરિચય ડૉ. શ્વેતા ચૌહાણે આપ્યો હતો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો અને સમગ્ર સ્ટાફ પરિવારનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. સેમેસ્ટર -4 ની પ્રશિક્ષણાર્થી પટેલ પ્રિયા અને પ્રતિક ગોહિલ, મહિડા હેપ્પી, પટેલ પાર્થ, માર્ગી દ્વારા બી. એડ. ની સમગ્ર યાત્રાનો હૃદયસ્પર્શી ચિતાર આપવામાં આવ્યો. સેમેસ્ટર -4 ના પ્રશિક્ષણાર્થીઓને માનનીય અધ્યક્ષશ્રી ડૉ. પી. ડી. શાહ દ્વારા જય શ્રી કૃષ્ણ ના નાદ સાથે ભાવિ પ્રગતિ અને ઉચ્ચ કોટિની સફળતા માટે આર્શીવચન આપ્યા હતા. સમગ્ર વર્ષ દરમિયાન કરેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનનારને પ્રમાણપત્ર અને ઇનામ આપી નવાજવામાં આવ્યા હતા. વર્ષ દરમયાન થયેલ સહ અભ્યાસિક પ્રવુતિઓમા પ્રથમ ત્રણ વિજતાઓ ને ઇનામો ડૉ નયનાબેન ટી. શુક્લ તરફ થી આપવામાં આવ્યા હતા.અધ્યક્ષશ્રી ને સંસ્થા પરિવાર વતી ડૉ. નયનાબેન શુક્લ દ્વારા સ્મૃતિ ચિહ્ન આપી હર્ષની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. સર્વેવતી આભારની લાગણી ડૉ. કામેન્દુ ઠાકર દ્વારા વ્યક્ત કરેલ હતી. આ કાર્યક્રમમાં મહિડા હેપ્પી અને પરમાર દિવ્યા એ ઉદ્દઘોષક તરીકેની સફળ ભૂમિકા ભજવેલ હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ પ્રેમથી ભોજન આરોગ્યુ હતું.કાર્યક્રમનું આયોજન બે ચરણમાં કરવામાં આવેલ હતું. બીજું ચરણ એ રંગમંચ કાર્યક્રમનું હતું. જેમાં ભાગ લીધેલ પ્રશિક્ષણાર્થીઓએ અભિનય, નૃત્ય, વક્તવ્ય, ગીત વગેરે રજૂ કરી વાતાવરણને આનંદસભર બનાવી દિધેલ હતું. આમ આ દિવસની ખુશાલી ભેર ઉજવણી કરવામાં આવી. જેમાં આકાશ ખ્રિસ્તી અને પરેશ દંતાણી એ સફળતાપૂર્વક ઉદ્દઘોષકની ભૂમિકા ભજવેલ હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સાંસ્કૃતિક પ્રવૃત્તિ ઇનચાર્જ પ્રાધ્યાપક ડૉ કામેન્દુ આર ઠાકર એ કર્યું હતું.કાર્યક્રમને અંતે સંસ્થાના કા. આચાર્ય ડૉ. નયનાબેન શુક્લએ સર્વે ને અભિનંદન પાઠવ્યા હતા.

## વય નિવૃતિ સન્માન સમારોહ




શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ. નયનાબેન શુક્લ, ટ્રસ્ટ પ્રતિનિધિ સ્નેહલભાઈ કાછીઆ, અન્ય અધ્યાપકશ્રીઓ, શ્રી ચેતનભાઈ ડી. શાહના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેન ચેતનભાઇ શાહ તેમજ તેમના પરિવારજનોની ઉપસ્થિતિમાં શ્રી ચેતનભાઈ ડી. શાહનો વય નિવૃતિ સન્માન સમારોહ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેના અધ્યક્ષ શ્રી સતિષભાઇ મોદી હતા. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત તમામ મંચસ્થ મહાનુભવોનું

સ્વાગત અને પરિચય  કાર્યકારી આચાર્યશ્રી નયનાબેન ટી. શુક્લએ આપ્યો હતો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત ડૉ. નયનાબેન શુક્લ, ડૉ. યોગેશભાઇ પરમાર, ડૉ. શ્વેતાબેન ચૌહાણ, નિધિબેન વૈદ્ય અને નાઝમીનાબેને કર્યું હતું. વિતેલા વર્ષોના સ્નેહ સંભારણા સાથે ડૉ. નયનાબેન શુક્લએ પરિવારવતી સન્માનપત્ર વાચન કરી સિનિયર ક્લાર્કશ્રી ચેતનભાઇ ડી. શાહને સન્માનપત્ર અર્પણ કર્યું હતું. ભાવિ જીવનની મીઠાશભરી સફળતા માટે શ્રી ચેતનભાઇને શ્રીફળ અને સાકર ડૉ. કામેન્દુ ઠાકરે અર્પણ કર્યું હતું. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટવતી શ્રી સ્નેહલભાઈ કાછીઆએ શાલ ઓઢાડી અને સ્મૃતિભેટ આપી અભિવાદન કર્યું હતું. ત્યારબાદ શ્રી સતિષભાઇ મોદી સાહેબે, ડૉ. એન.ટી. શુક્લ એ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સમગ્ર સ્ટાફ પરિવારે હર્ષની લાગણી વ્યક્ત કરતા સ્મૃતિ ભેટ આપી હતી. ભાવિ કાર્યશીલતા અને ઉચ્ચ કોટિની સફળતા માટે અધ્યક્ષશ્રી સતિષભાઇ મોદીએ સમગ્ર યાત્રાનો હૃદયસ્પર્શી ચિતાર સાથે આશીર્વચન આપ્યા હતા. વાતાવરણમાં લાગણી સભર વિચારો ઉભા થતા માતા-પિતાના સ્મરણ સાથે શ્રી ચેતનભાઇ ડી. શાહે પોતાના વિચારોની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ કરી હતી. સર્વેવતી આભારની લાગણી ડૉ. રોશની દેસાઈએ વ્યક્ત કરેલ હતી. ત્યારબાદ સૌએ રાષ્ટ્રગાન કરી મોઢું મીઠું કર્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. દિપિકાબેન ચૌધરી એ ઉદ્દઘોષક તરીકેની સફળ ભૂમિકા ભજવેલ હતી. કાર્યક્રમને અંતે સંસ્થાના કા. આચાર્ય ડૉ. નયનાબેન શુક્લએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા. અંતે સૌ પ્રીતિ ભોજન કરી છૂટા પડયા હતા.



# આભાર

**(વર્ષ: 2024 – 2025)**